# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : અશરફ નથવાણી

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૧૮-૦૮-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## કેન્દ્રીય ગૃહ મંત્રી :

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નાગરિકતા સુધારા કાયદા – CAA અંતર્ગત આજે 188 હિન્દુઓને ભારતીય નાગરિકત્વ પ્રમાણપત્ર એનાયત કર્યા. અમદાવાદ ખાતે પંડિત દિનદયાળ હોલમાં જનગણના મંત્રાલય આયોજીત કાર્યક્રમમાં સંબોધતા શ્રી શાહે જણાવ્યું કે મારા પોતાના રાજ્યમાં 188 પરિવારો ભારાત માતાના પરિવારો બની ગયા છે.વધુમાં શ્રી શાહે જણાવ્યું કે CAA એ ન્યાય અને અધિકારનો કાયદો છે.

તો આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પેટલે સીએએ કાયદાને લઈને કેન્દ્ર સરકારની પ્રશંસા કરતા જણાવ્યું કે સંસદમાં CAA ખરડો પસાર કરીને ભારતે વસુધૈવ કુટુંબકમની ભાવનાને સાબિત કરી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં અંદાજે એકહજાર કરોડનાં વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. સિંધુભવન રોડ પર જાહેર ખાનગી ભાગીદારીના ધોરણે બનાવેલા નવા ઑક્સિજન પાર્ક,મકરબા ખાતે બનાવેલા સ્વિમિંગ પૂલ અને 7 સ્માર્ટ શાળાઓ સહિતના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.ઑક્સિજન પાર્ક શહેરના લોકોને શુદ્ધ હવા અને આરામદાયક પર્યાવરણ પૂરૂં પાડશે.

**RNU અમદાવાદ**

---

## પવન ઉર્જામાં ગુજરાત પ્રથમ ક્રમે :

પવન ઊર્જામાં ગુજરાત હવે સમગ્ર દેશમાં પહેલાં ક્રમાંકનું રાજ્ય બન્યું છે. પવન ઊર્જા એટલે કે વિન્ડ એનર્જી દ્વારા વીજળી ઉત્પન્ન કરવાની ગુજરાતની ક્ષમતા હવે ૧૨ હજાર ૧૩૩ મેગાવોટ પર પહોંચી છે.વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્ય સરકારે પરંપરાગત-પુન:પ્રાપ્ય ઊર્જામાં ૧૦૦ ગીગાવોટની ક્ષમતા હાંસલ કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે.

રાજ્યના દરેક જિલ્લાના ગ્રામીણ ક્ષેત્રમાં રૂફટોપ સોલારને અપનાવવા સોલાર વિલેજનું નિર્માણ કરાશે. આ સોલાર વિલેજના નેજા હેઠળ ઉપયોગ પછી બાકીની વીજળીનું વેચાણ કરી રૂફટોપ સોલાર ધરાવતા તમામ પરીવારો વધારાની આવક મેળવી શકશે.રહેણાંક વિસ્તારમાં આ યોજના થકી કુલ ૩ હજાર મેગાવોટ જેટલી સૌર ઊર્જા ક્ષમતામાં વધારો થશે.જેના પરિણામે રાજ્યના અંદાજિત ૧૭ હજારથી વધુ નાગરિકોને રોજગારી પણ મળશે.

**RNU અમદાવાદ**

---

## તહેવારોમાં વધારાની બસો :

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ GSRTC-તહેવારોને ધ્યાનમાં રાખી રાજ્યભરમાં વધારાની ટ્રીપનું સંચાલન કરશે.વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું,રક્ષાબંધન નિમિત્તે 20 ઓગસ્ટ સુધી 6 હજાર 200 જેટલી અને જન્માષ્ટમીની તહેવાર નિમિત્તે 24 ઑગસ્ટથી 27 ઑગસ્ટ દરમિયાન 5 હજાર 500 જેટલી વધારાની ટ્રીપનું સંચાલન કરાશે.

**RNU અમદાવાદ**

---

## જી.કે.જનરલ હોસ્પિટલ –ડાયાલીસીસના યંત્રો :

જી.કે.જનરલ અદાણી હોસ્પિટલ ખાતે ડાયાલિસિસના દર્દીઓ માટે ત્રણ આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ ઉપકરણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

જી.કે.ના કિડની રોગના નિષ્ણાત ડો.હર્ષલ વોરાએ નવા ત્રણ ડાયાલિસિસ યંત્રની વિશિષ્ટતા અંગે જણાવ્યું કે,સર્પદંશ,ઝેરીદવાની અસર,ઝાડા ઉલ્ટી થયેલા ગંભીર કેસો અને જેમનું બી.પી. અત્યંત નીચું થઈ જાય તેવા ક્રિટીકલ કિસ્સામાં દર્દીઓના પ્લાઝમા બદલાવી તેમનામાં કાર્યક્ષમતાનો સંચાર કરવા ઉપયોગી છે. તેમણે વધુમાં જણાવ્યું કે,આ નવા યંત્રની સુવિધા ઉપલબ્ધ બનતા દર્દીઓને આયુષ્યમાન કાર્ડ હેઠળ બીજી વધારાની જટિલ બીમારીઓ માટે સેવા પ્રાપ્ય બનશે.

અત્રે ઉલ્લખનીય છે કે, જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે અત્યાર સુધી ઉપલબ્ધ ૧૫ મશીનો મારફતે પ્રતિ માસ ૮૦૦થી વધુ ડાયાલિસિસ કરવામાં આવતા હતા.જેમાં હવે ત્રણ યંત્રમાં ઉમેરા સાથે ૧૮ ડાયાલિસિસ યંત્રો કાર્યાન્વિત બનતા આ વિનામૂલ્યે સુવિધામાં વધારો થયો છે.

**અશરફ નથવાણી**

---

## રક્ષાબંધન :

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક એવા રક્ષાબંધનના પર્વની આવતીકાલે ઉજવણી કરવામાં આવશે.રક્ષાબંધનના તહેવારને પગલે છેલ્લા બે દિવસથી ભુજની

બજારોમાં ખરીદીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.રાખડીની ખરીદી માટે બહેનો નીકળી પડતાં દુકાનો અને હાથલારીઓ પર ગીરદી જોવા મળી હતી.ચાલુ વર્ષે કચ્છમાં સારો વરસાદ પડી જતાં ભુજ તથા અન્ય શહેરો તેમજ ગામડાની રાખડીની સારી ઘરાકી છે.બજારમાં બે થી માંડી ત્રણસો રૂપિયા સુધી મળતી રાખડીમાં વિવિધ વય જૂથ મુજબ રાખડીની માંગ રહે છે.

**NP-અશરફ નથવાણી**

---

## આયુર્વેદ-મેડીકલ ઓફિસરો :

જિલ્લાના સરકારી આયુર્વેદ દવાખાનાઓના મેડિકલ ઓફિસરોની આયુર્વેદ વિષયક ચર્ચા-વિચારણા બેઠક તથા આયુર્વેદ ઔષધિઓના પ્રાથમિક ઉપયોગ તથા રૂબરૂ નિદર્શન શિબિરનું ભુજ તાલુકાનાં નાની રેલડીમાં આવેલ સરકારી ઔષધીય વનસ્પતિ ઉદ્યાન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા કચ્છમાં હાલ આયુર્વેદ સારવારની સુવિધા તથા અધૂરાશ પૂર્તતા બાબતનું માર્ગદર્શન અપાયું હતું.મેડિકલ ઓફિસરોએ તેમના કાર્યક્ષેત્રમાં આયુર્વેદના કેમ્પ,આરોગ્ય જાગૃતિ અંગેના શિબિર તથા આયુર્વેદની નિર્દેષ સારવારના પ્રચાર-પ્રસાર અંગેની ચર્ચા-વિચારણા કરી હતી.

**NP-અશરફ નથવાણી**

---

## ઊંટોનું રસીકરણ :

જિલ્લા પંચાયત પશુપાલન વિભાગ દ્વારા લખપત તાલુકાના છેવાડે આવેલા મોરી ખાતે સહજીવન ટ્રસ્ટના સહયોગથી ઊંટોના રસીકરણ માટેનો કેમ્પ યોજાયો હતો.લખપત તાલુકામાં ઊંટના વ્યવસાય સાથે સંકળાયેલા માલધારીઓના ઊટોમાં થતા ફીટોડા,ખાજી જેવા રોગોથી બચાવવા માટે યોજાયેલા આ કેમ્પમાં તાલુકાના અલગ અલગ વિસ્તારોમાંથી આવેલા 625 જેટલા ઊંટોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

**NP-અશરફ નથવાણી**

---